RAN-2001130404050001

# RAN-2001130404050001

## M. A. (Sem. - IV) Examination October - 2025
## Sanskrit (Paper - XX) Modern Sanskrit Short Story

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

**સૂચના : / Instructions**

(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fill up strictly the above details on your answer book.

Seat No.:

Student's Signature

**પ્ર. 1. નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો. (કોઈપણ પાંચ)** **(10)**

1. ઋગ્વેદના દસમાં મંડળના કયા બે સુક્તોમાં કથા સાહિત્યના મૂળ જોવા મળે છે?
2. મહાભારતના કયા બે ઉપાખ્યાનોમાં અવાંતર કથાઓ જોવા મળે છે?
3. કાશ્મીરના પ્રસિધ્ધ બે કથાકારોના નામ જણાવો.
4. શંખનાદ કથાના લેખક અને તેની નાયિકાનું નામ જણાવો.
5. अस्पुश्यताया रहस्यम् ના પંડિતનું નામ જણાવી તે કયા રોગથી પીડાતા હતા તે જણાવો.
6. સ્નેહાવતાર વાર્તામાં નારાયણી પર કયો આરોપ મુકવામાં આવ્યો હતો?
7. એકાદશી કથાના લેખક અને તેની નાયિકાનું નામ જણાવો.

**પ્ર. 2. અ. સંસ્કૃતમાંથી ગુજરાતીમાં અનુવાદ કરો (ગમે તે બે)** **(08)**

1. आसीनिदाघस्य मध्याह्नः । प्रचण्डमार्तण्डस्य प्रखर किरणैः समुत्तप्ता वसुन्धरा जाज्वल्यमाना ज्वालामुखीव ज्वलन्ती आसीत् । मरीचानां चाकचिक्येन चक्षुः चतसृभ्योऽपि दिशाभ्यः पृथगेव रक्षितुं स्वं कनीनिकान्तर्गततमिवाकरोत् । पितुः पर्वतात् पत्युः पारावाराच्च परित्यक्ता पयस्विनी शुष्कतामधिगम्य स्वं नाम अनन्वर्थयन्ती विरहिण्या वेणीव तनुतामादधानासीत् । मार्तण्डस्यप्रचण्डोद्दण्डशासनेन न केवलं चेतना अचेतना अपि भीताः पीडिता आसन् ।

2. पण्डितोऽपि तथाविधेषु वादविवादेषु कृताभ्यासोऽभूत् । तेनाऽपि मुखमुद्रकमुत्तरं दत्तम् ''विधानेन यत्किमपि भवति तत्तु भवान् जानानः स्यादेव, राज्याधिकारित्वेन । किन्तु इममहमपि जानामि यद् विधाने तदिदमपि स्वीकृतं यत्प्रत्येकं जनः स्वकीये व्यक्तिगते जीवने स्वकीय-धर्म-शिष्टाचारानुसारं व्यवहर्तुं स्वतन्त्रः स्यात् । ततश्च मम गृहेऽहं कं पाठयामि, कं वा प्रवेशयामि इति तु मदिच्छाधीनमेव ।

3. हिमगिरौ चम्बाप्रदेशस्य नैसर्गिकसौन्दर्यमनुपमं दिव्यं च । तत्र देवदारुवृक्षैराच्छादिता सन्ति श्यामलकान्तिपर्वतशिखराः, तेषामुपरि क्षितिजतलादिवोदीयमानो रक्ताभो रविः । पर्वतमूलेषु वर्त्तमानाया उपत्यकाया मध्यतो वाहिन्या गिरिनद्या उभयोः कूलयोः प्रतिष्ठितानां ग्रामाणां पंक्तिः शोभते । तंत्र तेषु सोपानानुकारिषु क्षेत्रेषु चित्रवर्णा सस्पसंपत् कस्य मनो न आवर्जयति । तत्र शीतलः सुगन्धि च समीरणो मनः शरीरञ्च युगपदेव पूतयति ।

4. इदानीमपि तत्सर्वमेव मन्त्रयमाणोऽसौ वन्दनाकक्षसमीपमाजगाम । श्रुत्वाऽस्फुटयलापमुभयोरन्धकारञ्च कक्षेऽवलोक्य पारदस्तस्यारुरोह । निरर्गलं निष्कमञ्च कोशन् अजिराद् वरण्डं वरण्डांच्चाजिरं यावद् गतागर्ति कर्तुमारब्धवान् । चीत्कृतं तस्य निशम्य पत्नी कक्षाद् बहिरागतवती प्रोवाच च समत्सरभावम् ''स्थविरोऽसि

जातस्तथापि वतुं न जानासि । किमेवं बुक्कसि ? किन्तवापकृतं वन्दनया ? सा वराकी तु स्वयमेव विपत्तिसागरे निमग्ना । किमेतन्निमित्तमेव तामानीतवानसि ।

**પ્ર. 2. બ. ગુજરાતીમાંથી સંસ્કૃતમાં અનુવાદ કરો. (કોઈપણ એક)** **(05)**

1. શાલિની ! તારી પાસેથી ગાળોનો ભંડાર સાંભળવાનું મને જરાય મન નથી. આ તમને લોકોને તાલીમ આપનારનો જ વાંક કહેવાય. તેમણે પોલિસ અધિકારીઓને ગુનાની તપાસને પ્રાયોરિટી (પ્રાથમિકતા) આપવાનું નહિ પણ ગાળો દેવાનું બરાબર શીખવ્યું. હું ય પોલીસ અધિકારીના પરિવારમાં જ જન્મ્યો છું તેથી હું જાણું છું. ગુનેગારો જન્મે ગુનેગાર નથી હોતા, સંજોગોનો ભોગ બનીને કે પછી ક્રોધના આવેશને વશ થઈને ગુનો કરી બેસે છે.
2. આણેલા માલપુડામાંથી બે પતિને આપીને પોતે એક ખાધો અને વધેલો એક વાડકામાં ઢાંકી દઈને સુમિત્રાએ સવારનું ખાવાનું પતાવ્યું. રામચરણ ગયો. માલપુડો મળવાથી ખુશ થયેલો છોકરો પણ થોડી વાર રમીને સૂઈ ગયો. સુમિત્રાએ નાહી ધોઈને જૂની પુરાણી ખોલીના ગોખલામાં બેસાડેલા ભગવાનની પૂજા કરી. એના પતિએ કોણ જાણે કયાંથી લાવેલી માટીની મૂર્તિને ત્યાં મૂકી હતી. પૂજા કરતાં કરતાં સુમિત્રાએ ઊંઘતા છોકરાને જોઈને વારંવાર એની તંદુરસ્તી માટે ભગવાનને પ્રાર્થના કરી, પતિનો ધંધો બરાબર ચાલે તે માટે પણ.

**પ્ર. 3.** અર્વાચીન સંસ્કૃત લઘુકથાના વિકાસમાં કારણભૂત પરિબળોની ચર્ચા કરો. **(13)**

**અથવા**

**પ્ર. 3.** લઘુકથાસંચ્ચય ની નારીવાદી અભિગમ ધરાવતી કથાઓની સમીક્ષા કરો.

**પ્ર. 4. ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)** **(14)**

1. ''पश्चाताप'' શીર્ષકની યથાર્થતા ચર્ચો.
2. स्मितरेखा કથામાંનો હાસ્યરસ વર્ણવો.
3. अद्‌वैत विमर्शः શીર્ષકની વ્યંજના સ્પષ્ટ કરો.
4. કથનરીતીની દષ્ટિએ ''શંખનાદ'' કથાનું વિવેચન કરો.

---